ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સીમ વિસ્તારમાં એકલી રહેલી આધેડ મહિલા પર તીક્ષ્ણ-બોથડ હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંક્યા

બોરસદના વાલવોડમાં દાગીનાની લૂંટ માટે મહિલાનું ગળું કાપી હત્યા

હત્યારાં ૩૬ હજારના દાગીનાની લૂંટ ચલાવી ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

બોરસદ તાલુકાના વાલવોડ ગામમાં લૂંટના બદઈરાદે આધેડ મહિલાની સરેઆમ અતિ ઘાતકી રીતે ગળું કાપી હત્યા કરી દેવાતા સમગ્ર પંથકમાં ભય અને ભારે ચકચાર વ્યાપી ગઈ છે. ધરાવસી ગામની વિંછીયા સીમના કોતર વિસ્તારમાં ત્રાટકેલા અજાણ્યા હત્યારાએ ૫૫ વર્ષીય મહિલા પર હથિયાર વડે ઉપરાછાપરી હુમલો કરી ઘટનાસ્થળે જ પતાવી દીધા હતા અને તેમના શરીરેથી ૩૬ હજારની કિંમતના સોના-ચાંદીના દાગીના લૂંટીને પલાયન થઈ ગયો હતો. આ હૃદયકંપાવનારી ઘટનાની જાણ થતાં જ ગ્રામજનોના ટોળાં દોડી આવ્યા હતા અને બોરસદ પોલીસે હત્યા તથા લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાલવોડ ગામના વતની મધુબેન પુનમભાઈ બાબરભાઈ તળપદા (ઉં.વ. આશરે ૫૫) ગત તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે સીમ વિસ્તાર તરફ ગયા હતા. તે દરમિયાન બપોરના ૧૨:૦૦ થી સાંજના ૭:૦૦ વાગ્યાના સમયગાળા વચ્ચે મોજે ધરાવસી ગામની વિંછીયા સીમમાં આવેલા કોતર વિસ્તારમાં કોઈ અજાણ્યા શખ્સે તેમને નિશાન બનાવ્યા હતા.

લૂંટના બદઈરાદે ત્રાટકેલા અજાણ્યા ઈસમે મધુબેનના ગળાના ભાગે કોઈ બોથડ કે તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ઘાતકી હતો કે મધુબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ હત્યા કર્યા બાદ હત્યારાએ મૃતકના શરીરે પહેરેલા ૨૦ હજારની કિંમતના ચાંદીના કડલાં, કાનમાં પહેરેલી ૧૪ હજારની સોનાની બુટ્ટી તથા ૨ હજારની કિંમતની ત્રણ નંગ જડો મળી કુલ ૩૬ હજારની મત્તાના ઘરેણાંની લૂંટ ચલાવી સ્થળ પરથી પલાયન થઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સ્થાનિક પોલીસને વાકેફ કરી હતી. બોરસદ પોલીસે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી. આ અંગે અજાણ્યા હત્યારા વિરુદ્ધ હત્યા અને લૂંટનો ગુનો નોંધી પોલીસે કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી છે.

આરટીઓનું આકસ્મિક ત્રાટક | સંતરામ ઓવરબ્રિજ અને કમળા રિંગરોડ પર સરપ્રાઈઝ ચેકિંગ

નડિયાદમાં ભયજનક રીતે લાકડાં ભરેલા ૩૫ ટ્રેક્ટરને અઢી લાખનો દંડ

વૃક્ષોનો વેપલો કરતાં લાકડાચોરો અને નિયમોનો ઉલાળિયો કરતા તત્વોમાં ફફડાટ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

ખેડા જિલ્લામાં હરિયાળી નષ્ટ કરી ગેરકાયદેસર રીતે લાકડાનો વેપલો કરતા અને માર્ગ સલામતી જોખમાવતા તત્વો સામે સરકારી તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. વહીવટી તંત્રમાં ફોરેસ્ટ અને મામલતદાર વિભાગ દ્વારા બે દિવસ પૂર્વે કરાયેલી કડક કાર્યવાહી બાદ, હવે માર્ગ પર કાયદાનું પાલન કરાવવા પ્રાદેશિક વાહન વ્યવહાર વિભાગ મેદાનમાં આવ્યું છે.

આ અંગે આસિસ્ટન્ટ આરટીઓ પ્રતીક લુહારની આગેવાની હેઠળ વહેલી પરોઢે 5:00 વાગ્યે નડિયાદના સંતરામ વે બ્રિજ, મંજીપુરા અને કમળા રિંગરોડ વિસ્તારમાં ઓચિંતી ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આરટીઓની ગાડીઓ અચાનક રોડ પર ઉતરી આવતાં ગેરકાયદેસર રીતે લાકડા ભરીને હરાજી માટે જતા ટ્રેક્ટર ચાલકોમાં ભારે ગભરાટ વ્યાપી ગયો હતો. આ આકસ્મિક ચેકિંગ દરમિયાન આરટીઓ અધિકારીઓને મોટી સંખ્યામાં વાહનો નિયમ વિરુદ્ધ દોડતા જોવા મળ્યા હતા. મુખ્યત્વે ટ્રેક્ટરની ટ્રોલીની મર્યાદા કરતાં વધુ લાંબા કપાયેલા વૃક્ષોના લાકડા ભરેલા હતા અને આ લાકડાં ભયજનક રીતે બહાર લટકતા હતા, જે માર્ગ પર અન્ય વાહનચાલકો માટે ગંભીર અકસ્માત નોતરી શકે તેમ હતા.

આ ઉપરાંત બારીકાઈથી કરાયેલી તપાસમાં અનેક ચાલકો પાસે કાયદેસરનું ડ્રાઈવિંગ લાયસન્સ ન હોવાનું તેમજ વાહનોના ઈન્સ્યોરન્સની મુદત પણ વીતી ચૂકી હોવાનું ખુલ્લું પડ્યું હતું. આ કામગીરી દરમિયાન નિયમોનો ભંગ કરનાર 30 થી 35 ટ્રેક્ટર ચાલકો સામે સ્થળ પર જ દંડાત્મક પગલાં ભરી આશરે રૂ. 2 થી 2.50 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા વાહનની બહાર માલ ન નીકળે તેની કાળજી રાખવા અને યોગ્ય લાઈટ વ્યવસ્થા ગોઠવવા કડક ચેતવણી આપવામાં આવી છે.

એગ્રીકલ્ચર પાસિંગનો સરેઆમ ભંગ

ટ્રેક્ટર અને ટ્રોલીના રજિસ્ટ્રેશન અંગે કાયદામાં સ્પષ્ટ જોગવાઈઓ છે. મોટાભાગના ટ્રેક્ટરો ખેતીવાડી હેતુ માટે રજિસ્ટર્ડ થયેલા હોય છે, જેમાં આ રીતે કોમર્શિયલ લાકડા કે વેપારી માલસામાન ભરી શકાય નહીં. કોમર્શિયલ હેતુ માટે અલગથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત હોવા છતાં અહીં કાયદાનો સરેઆમ ભંગ થતો જોવા મળ્યો હતો.

લાયસન્સ વગરના ચાલકોને સ્થળ પર જ મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન

આરટીઓની આ ઝુંબેશ માત્ર દંડ વસૂલવા પૂરતી સીમિત ન હતી પરંતુ જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરાયો હતો. જે વાહન ચાલકો પાસે લાયસન્સ ન હતા, તેઓને આરટીઓ કચેરીનો સંપર્ક કરીને કાયદેસર રીતે લાયસન્સ કઈ રીતે મેળવવું તેની સંપૂર્ણ પ્રક્રિયા અંગે અધિકારીઓ દ્વારા સ્થળ પર જ વિસ્તૃત સમજ આપવા માં આવી હતી.

આણંદ ટ્રેલર પાછળ રિક્ષા ઘૂસી જતાં ચાલકનું મોત

નેશનલ હાઇવે પર હોટેલ સામે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ ગ્રામ્ય પોલીસ મથકની હદમાં નેશનલ હાઈવે નંબર ૮ પર રાવળાપુરા નહેર પાસે મોડી રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. રોડની સાઈડમાં પાર્ક કરેલી ટ્રેલર ટ્રકની પાછળ સીએનજી રિક્ષા ધડાકાભેર ઘૂસી જતાં ગંભીર રીતે ઘવાયેલા રિક્ષાચાલક વસંતકુમાર પરમારનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવ અંગે આણંદ રૂરલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આ અંગે ટ્રાન્સપોર્ટ કંપનીમાં ડ્રાઈવિંગ કરતા મોહંમદ સલાઉદ્દીન સીદીકી ટ્રેલર ટ્રકમાં પવનચક્કીના પંખાની રીંગો ભરીને ગાંધીધામ જવા નીકળ્યા હતા. રાત્રિના આશરે ત્રણ વાગ્યાના અરસામાં રાવળાપુરા બ્રિજ પસાર કરી મહાદેવ ઢાબા પાસે ચા-નાસ્તો કરવા તેમણે પાર્કિંગ લાઈટો ચાલુ રાખી ટ્રેલર રોડની સાઈડમાં ઊભું રાખ્યું હતું.

દરમિયાન આંકલાવ તાલુકાના અંબાવ ગામના વસંતકુમાર દીનેશભાઈ પરમાર પોતાની રિક્ષા પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવ્યા હતા. તેમણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં રિક્ષા સીધી જ ઊભેલા ટ્રેલરના પાછળના ભાગે અથડાઈ હતી. આ ભયાનક ટક્કરને કારણે રિક્ષાના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો અને ચાલકને ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતના ધડાકાનો અવાજ સાંભળી આસપાસના લોકો અને વાહનચાલકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત ચાલકને પ્રાથમિક સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જોકે તેમની હાલત અત્યંત નાજુક જણાતાં વધુ સઘન સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. આ અંગે ટ્રેલર ચાલકની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મહીસાગરમાં પરપ્રાંતીય બુટલેગર સામે પાસા કરાયાં

એલસીબીએ છટકુ ગોઠવી યુપીના બુટલેગરને પકડી ભુજ જેલમાં ધકેલ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.31

મહીસાગર જિલ્લામાં પરપ્રાંતમાંથી થતી ગેરકાયદે દારૂની હેરાફેરી કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઉત્તર પ્રદેશના એક કૂખ્યાત બુટલેગર સામે પાસા હેઠળ કાર્યવાહી કરી તેને ભુજ સ્પેશિયલ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

મહીસાગર જિલ્લામાં પ્રોહિબિશનની અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા બુટલેગરો સામે પાસા અને તડીપાર જેવા કડક પગલાં ભરવા માટે પંચમહાલ-ગોધરા રેન્જ ડીઆઈજી અને મહીસાગર જિલ્લા પોલીસ વડા દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન એલસીબીની તપાસમાં સામે આવ્યું હતું કે, ઉત્તર પ્રદેશના ઔરૈયા જિલ્લાના દિબિયાપુર રાના નગર કોલોનીનો રહેવાસી સતેન્દ્રપાલ બલવિરસિંગ જાદવ મોટા પાયે ગેરકાયદે વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણની પ્રવૃત્તિઓમાં સક્રિય હતો.

એલસીબીએ ગુનાહિત ઈતિહાસના પુરાવા એકઠા કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત રજૂ કરી હતી. દસ્તાવેજોની ચકાસણી બાદ જિલ્લા મેજિસ્ટ્રેટે પાસા હેઠળ અટકાયતી હુકમ (વોરંટ) જારી કર્યો હતો. વોરંટ મળતાં જ એલસીબીની સંયુક્ત ટીમે છટકુ ગોઠવી બુટલેગર સતેન્દ્રપાલની અટકાયત કરી તેને ભુજ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દીધો છે.